# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તાઃ ૬/૩/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો' અને ' SBC બિઝનેસ એક્ષ્પો'નો ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી રામેશ્વર તેલીના હસ્તે શુભારંભ

## ૮ માર્ચ સુધી ચાલનારા પ્રદર્શનમાં એકજ સ્થળે સુરતીઓને ૪૦૦થી પણ વધુ ટેસ્ટી તથા હેલ્ધી વાનગીઓ માણવા મળતા પ્રદર્શનને પ્રથમ દિવસથી જ જબરજસ્ત પ્રતિસાદ, પ્રથમ દિવસે ૩૨૦૦થી વધુ લોકો ઉમટયાં

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ડેવલપમેન્ટ કમિશનરેટ, મિનિસ્ટ્રી ઓફ એમએસએમઇ, ભારત સરકાર અને મિનિસ્ટ્રી ઓફ એગ્રીકલ્ચર એન્ડ ફાર્મર્સ વેલફેર, ભારત સરકાર અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ, ગુજરાત સરકારના સહયોગથી ૬ઠ્ઠી માર્ચથી ૮મી માર્ચ ૨૦૨૦ સુધી સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો– ૨૦૨૦' અને 'SBC બિઝનેસ એક્ષ્પો'નું ભવ્ય પ્રદર્શન યોજાયુ છે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન અને ઉદ્દ્ઘાટક તરીકે પધારેલા ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી રામેશ્વર તેલીના વરદ હસ્તે પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝના ડિરેકટર શ્રી કે.બી. સુબ્રમણ્યમ, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના ચેરમેન શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ અને ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના એમડી શ્રી કે.એસ. રંધાવા (આઇએફએસ) અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા.

જેમાં ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ સર્વેને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્બોધનમાં જણાવ્યુ હતુ કે, ભારત સરકાર અને ગુજરાત સરકાર સાથે મળીને ચેમ્બર દ્વારા ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા માટે ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો અને એસબીસી બિઝનેસ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યુ છે. દક્ષિણ ગુજરાતના ટ્રાયબલ બેલ્ટમાં ચીકુ અને મેંગોનું ખૂબ જ મોટાપાયે ઉત્પાદન થઇ રહયુ છે. આથી કૃષી ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહે અને તેના થકી તેનો વિકાસ થાય તેવા આશય સાથે ચેમ્બર દ્વારા બીજી વખત આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે.

૮ માર્ચ સુધી ચાલનારા 'ફૂડ એન્ડ એગ્રીટેક એક્ષ્પો'માં ફૂડ પ્રોસેસિંગ અને મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ, બેકરીની આઈટમો, જ્યુસ અને પલ્પ નિર્માતા, ઓર્ગેનિક ફાર્મર્સ, નમકીન વેફર્સ, ઈલેક્ટ્રોનિક, બાગાયત, પશુપાલન જેવા ૧૫૦થી વધુ સ્ટોલધારકોના ઉત્પાદનો, યોજનાઓનો લાભ લેવાનો અવસર સાંપડયો છે.

'SBC બિઝનેસ એક્ષ્પો'ના ૯૦થી વધુ સ્ટોલ લગાવવામાં આવ્યા છે. જયાં ચેમ્બરના સભ્યો પોતપોતાની પ્રોડકટનું મોટાપાયે પ્રદર્શન કરી રહયાં છે. સાથે જ તેમના દ્વારા વિવિધ પ્રોડકટ્સ ઉપર સ્કીમની જાહેરાત કરવામાં આવતા જાહેર જનતાને સ્કીમનો લાભ લેવા અનુરોધ છે. આ પ્રદર્શનમાં એકજ સ્થળે સુરતીઓને ૪૦૦થી પણ વધુ ટેસ્ટી તથા હેલ્ધી વાનગીઓ માણવા મળી રહી છે. આથી આજે પહેલા દિવસથી જ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડતા પ્રદર્શનને સારો પ્રતિસાદ મળી રહયો છે. આજે પ્રથમ દિવસે ૩૨૭૮ લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.